બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા, ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગ દર્શક સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત રાજ્ય શાળાઓની કચેરી ગાંધીનગર
13 DEC 2021
આ.નં. 29052

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 8 DEC 2021

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૧૨-૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૩-૨૦૧૧ નો સમાનાંકી ઠરાવ.
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧-૧૨-૨૦૨૦ નો સમાનાંકી ઠરાવ
(૪) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૫-૦૬-૨૦૨૧ નો પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/નવી બાબત/૨૦૨૧-૨૨/૯૪૯૧.

પ્રસ્તાવના :-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના અનુક્રમે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ અને તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી રાજ્યની દરેક માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા અંગે તથા વર્ગ વધારા ઘટાડા, ગ્રાન્ટ કાપ અને સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં ધોરણ-૧૦ નું પરિણામ ઓછું આવેલ હોવાથી તથા કોવિડ-૧૯ ની મહામારીથી સર્જાયેલી પરિસ્થિતિને કારણે વિદ્યાર્થી પ્રવેશ પર અસર પડેલ હતી. જેના કારણે શાળાઓમાં મોટા પ્રમાણમાં વર્ગો બંધ થાય તેમ હોવાથી અને તે કારણે મોટા પ્રમાણમાં વર્ગ ઘટાડા અને તેના કારણે શિક્ષકો ફાજલ થવાની સંભાવના હોવાથી ઉક્ત અસામાન્ય પરિસ્થિતીને ધ્યાને લઈ, આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩)ના તા.૨૧-૧૨-૨૦૨૦ ના ઠરાવથી આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨)ના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ઠરાવમાં છૂટછાટ આપવામાં આવેલ હતી.

કોવિડ-૧૯ ની મહામારીથી સર્જાયેલી પરિસ્થિતિ વર્ષ ૨૦૨૧-૨૨ માં પણ યથાવત રહેવા પામેલ હોઈ, આ વિભાગના તા૨૧/૧૨/૨૦૨૦ના ઠરાવથી ધો-૧૦ અને ધો-૧૨ ના વર્ગોમાં વર્ગદીઠ વિધાર્થી સંખ્યામાં આપવામાં આવેલ છૂટછાટ, જો વર્ષ:૨૦૨૧-૨૨ માં ન આપવામાં આવે, તો વર્ગ ઘટાડા અને તેના કારણે શિક્ષકો ફાજલ થવાના પ્રશ્ન ઉપસ્થિત થવા પામે અને પુન: પરિસ્થિતિ સામાન્ય થતાં, તમામ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ મેળવવા વિદ્યાર્થી સંખ્યામાં વધારો થાય અને તેમાં પુન: વર્ગ મંજૂર કરવાના થાય. જે ધ્યાને લેતાં, ગત વર્ષની જેમ વર્ષ : ૨૦૨૧-૨૨ માં પણ આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવમાં છૂટછાટ આપવા અંગે કમિશનર શાળઓની કચેરીએ

વંચાણે લીધા ક્રમાંક(૪)ના તા.૧૫-૦૬-૨૦૨૧ ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના સમયગાળા માટે નીચે મુજબની શરતોને આધીન છુટછાટ આપવામાં આવે છે:

(૧) આ ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈઓ માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાની રહેશે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળઓમાં ધોરણ- ૯ થી ૧૨ ના વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યાની જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. આ વિદ્યાર્થી સંખ્યા વર્ગવધારા માટે કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવાની રહેશે નહીં અર્થાત્ વર્ગવધારા માટે ૬૦+૩૬ વિદ્યાર્થી સંખ્યા અને ૬૦+૨૪ વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવાની રહેશે.

(૨) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ વર્ગ માટે શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલી છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૨૫ જાળવવાની રહેશે અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૪ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલ છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૧૮ જાળવવાની રહેશે. એક કરતાં વધારે વર્ગો માટે શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ ના બદલે ૪૨+૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ ના બદલે ૪૨+૧૮ ની વિદ્યાર્થી સંખ્યા જાળવવાની રહેશે.

(૩) શહેરી વિસ્તાર માટે ૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧૮ વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ ઘટાડા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવની છૂટછાટ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨(એક જ વર્ષ માટે) ના સમયગાળા માટે આપવામાં આવે છે. આ મુદત પુરી થયે આ ઠરાવની અસર આપોઆપ રદબાતલ બનશે. બાકીની બોલીઓ અને શરતો આ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૨૩-૧૧-૨૦૨૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, માન. ખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મ ત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

ઇમેલ

ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૧-૨૨/૨૧૩૭૬-૪૧૧
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડાં. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર , તા.૧૫/૧૨/૨૦૨૧

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ. (નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ)
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨), સદર કચેરી, (નકલ જાણ સારૂ)
- સંયુકત નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી, (નકલ જાણ સારૂ)

(એચ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

C:\Users\Dell\Desktop\hardik makwana\UMS-1106-2138-g 1.docx